# ધોરણ - ૧૦

# વિષય – ગુજરાતી

# સ્વાધ્યાય

## પાઠ – ૧૯

## એક બપોરે



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

# એક બપોરે

Page No.
DATE: / /

લેખક (કવિ) : રાવજી પટેલ
પ્રકાર : ઊર્મિકાવ્ય
સંદર્ભ : 'અંગત' માંથી

મારા ખેતરને શેઢેથી
લ્યા, ઊડી ગઈ સારસી !
મા,
દોયડીમાં છાશ પાછી રેડી દે
રોટલાને બાંધી દે
આ ચલમની તમાકુમાં કસ નથી;
દાટી દે આ તાપણીમાં
ભારવેલો અગ્નિ
મને મહુડીની છાંય તળે
પડી રહેવા દે.
ભલે આખું આભ રેલી જાય.
ગળા સમું ઘાસ ઊગી જાય.
અલે અઈ,
બળદને હળે હવે જોતરીશ નહીં...
મારા ખેતરને શેઢેથી –
('અંગત' માંથી)

## શબ્દ-સમજૂતી

શેઢો - બે ખેતર વચ્ચેની હદનો થોડો ખુલ્લો મૂકેલો પટ્ટો
લ્યા - અલા, અલ્યા (એક તુંકારાભર્યું પુરુષવાચક સંબોધન)

## તળપદા શબ્દો

દોયડી - દોણી, માટીનું વાસણ
ભારવેલો - ચૂલામાં અગ્નિ ઉપર રાખ વાળી તેને સળગતો રાખવો

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com

લ્યા - ઓલા, અલ્યા
અગની - અગ્નિ
સમું - સમાન
તળે - નીચે
નોઈ - નહીં
છાંય - છાંયડો

## સ્વાધ્યાય

1. 1) ખેતરના શેઢે શું બન્યું હતું ?
→ સારમી ઊડી ગઈ હતી.

2) કવિ કયા વૃક્ષ નીચે બેઠા હતા ?
→ મહુડો

2. 1) ટોયડીમાં છાશ પાછી રેડવાનું કવિ કોને કહે છે ?
→ ટોયડીમાં છાશ પાછી રેડવાનું કવિ માને કહે છે.

2) કવિ બારવેલો અગ્નિ ઠારી દેવાનું કેમ કહે છે ?
→ કવિને હવે કોઈ કાર્યમાં કે વસ્તુમાં રસ રહ્યો નથી, તેથી તે બારવેલો અગ્નિ ઠારી દેવાનું કહે છે.

3. 1) કવિ ક્યાં સુધી મહુડાની છાંય તળે પડી રહેવા માગે છે ?
એક સારમી જે કવિને પ્રિય લાગે છે, તે ખેતરને શેઢેથી ક્યાંક ઊડી ગઈ છે. એના ઊડી જવાથી કાવ્યનાયકને હૃદયમાં ખાલીપો અનુભવાય છે. એમને જીવનમાંથી રસ ઊડી ગયો છે. પોતે નિષ્ક્રિય થઈને જીવનના અંત સુધી મહુડાની છાંય તળે પડી રહેવા માગે છે.

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



1) સારસીના ઊડી જવાથી કવિ ઉપર થયેલી અસર તમારા શબ્દોમાં લખો.

સમગ્ર કાવ્યમાં ગ્રામજીવનનો સંદર્ભ છે. પોતાના ખેતરમાં હળ છે, બળદ છે, મા છે, મહુડો છે, શેઢો છે, સારસી છે. અચાનક પોતાના ખેતરના શેઢેથી સારસી ઊડી જતાં કવિ વ્યાકુળ થઈ જાય છે. કવિને ક્યાંય ચેન પડતું નથી એટલે તે બપોરે જમવા માટે ઠોચડીમાંથી કાઢેલી છાશને ફરી ઠોચડીમાં રેડી દેવાનું અને રોટલા બાંધી દેવાનું એમની માને કહે છે. હવે તેમને ખાવામાંય રસ રહ્યો નથી. જમ્યા પછી ચલમ ફૂંકવામાં જે મજા આવતી હતી તેમાં પણ તેમને કસ જણાતો નથી. કેવળ શૂન્યમનસ્ક થઈને તેને મહુડાની છાંય નીચે પડી રહેવામાં આનંદ આવે છે. ભલે આકાશ રેલાઈ જાય, ગળા સુધી ઘાસ ઊગે તોપણ તેમને એની પરવા નથી. હવે તો બળદને હળે જોતરવાની પણ ના પાડી દે છે. સારસીના પ્રતીક દ્વારા તે પ્રતિબિંબિત થાય છે.

2 ગ્રામજીવનમાં ખેતર-વાડીનું બપોર વેળાનું ચિત્રાત્મક વર્ણન કરો.

ગ્રામજીવનમાં ખેતર-વાડી એ ખેડૂતનું કાર્ય-કર્મ-ક્ષેત્ર છે. ખેડૂતનું એ સારસર્વસ્વ છે, જીવન છે. અહીં, પ્રસ્તુત 'એક બપોરે' કાવ્યમાં કાવ્યનાયક (ખેડૂત) ની એક સારસીના ઊડી જવાથી એક વેદનાગ્રસ્ત બપોરની વ્યથાથી અભિવ્યક્તિ છે. એમાં કાવ્ય-અંતર્ગત ગ્રામજીવન કે ગ્રામપરિવેશનો ઉલ્લેખ છે. એમાં કાવ્યનાયક (ખેડૂત) છે, ખેતર છે, એનો શેઢો - ખેતરની હદ ઉપરની આગ-ખેડ પટ્ટી, જ્યાં ઢોર માટે ઘાસ થાય છે. મા છે. ભાતું છે. ભાતામાં રોટલા ને છાશ છે. ખેડ કરતાં કરતાં થાક લાગે ત્યારે ચલમનો કસ લઈ પોરો ખાવાની સુવિધા છે. તાપણી છે, એમાં ભારવેલો અગ્નિ છે. ખેતરમાં મહુડો છે. મહુડો જેવાં વૃક્ષો ખેતર ને ખેડૂતની પ્રાકૃતિક સંપદા છે. ઘાસ છે, બળદ છે, હળ છે. આમ, છાશ, રોટલો, તમાકુ, તાપણી, મહુડો, શેઢો વગેરે ખેતર-વાડીનાં વર્ણનો, ગ્રામજીવનને પ્રગટ કરે છે.

જેકે કાવ્યમાં વર્ણવાયેલાં આ પ્રાકૃતિક જીવનનાં દૃશ્યો, કાવ્ય માટે સાધનો છે, સાધ્ય તો છે કાવ્ય. સાધનો (ઉપાદાનો) થી સિદ્ધ થાય છે કાવ્ય, 'એક બપોરે'. પ્રસ્તુત ગ્રામજીવનના આટલા વર્ણન માત્રથી આપણે જોયેલાં ગ્રામજીવનનાં અન્ય દૃશ્યો પણ માનસપટ ઉપર તરી આવે છે!

Scanned with OKEN Scanner

# HIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર  ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION